# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com



CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૩/ક્વા-૨/૨૦૨૦-૨૧/૩૪ તા.૨૯.૦૧.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૪૩/ક્વા-૨/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી ભીખુ વીરા કરમુર અને પાલા વીરા કરમુર ગામ – નાવદ્રા

સબડીવીઝન: ભાટીયા

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી દેવભૂમી દ્વારકા

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દેવભૂમી દ્વારકા

તારીખ: શુક્રવાર (૦૮.૦૧.૨૦૨૧)

**:: અરજદારની રજૂઆત ::**

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો અરજદાર કલ્યાણપુર તાલુકાના નાવદ્રા ગામે ખેતીની જમીન વડીલો ઉપાર્જિત આવેલ છે આ જમીનમાં અમોએ વીજ કનેક્શન ની મારા પિતા સ્વ. વીરા અરશી કરમુર ના નામે બે અલગ અલગ અરજીઓ કરી કનેક્શન ની માંગણી કરેલ હતી તે બાદ મારા પિતાનું અવસાન થતાં અને એ દરમ્યાન વારા માં કનેક્શન પાસ થતાં સામાવાળા એ અમોને નોટિસ આપેલ કે સાધનિક કાગળો પૂરા કરી આપશો.જેથી અમોએ માંગણી મુજબ મારા પિતાનું અવસાન થતાં અમોએ મરણ દાખલો વારસાઈ નોંધો, અન્ય વારસોની સંમતિપત્ર નોટરાઈઝડ કરીને સામાવાળાની કચેરીમાં આપતા તેઓએ રૂપિયા ૩૦૦/- ની અલગ અલગ પહોંચો નામ ચેન્જ ના હેડે

તારીખ ૦૧.૧૨.૨૦૧૭ ના રોજ આપેલ અને તમામ સાધનિક કાગળો અમોએ સામા વાળા ની ભાટીયા પેટા વિભાગીય કચેરી માં જમા કરાવ્યા હતા.

આ બાદ અમોને કનેક્શન ચાલુ કરી આપવામાં આવેલ અને બીલ ગ્રાહક નંબર.૮૨૪૬૯/૦૧૧૫૫/૮ અને ૮૨૪૬૯/૦૧૧૭૯/૫ નું આવવા લાગેલ છે જેથી અમોએ સામાવાળા ને કહેલ કે નામ બીલ માં મારા પિતાનું આવે છે તેના બદલે અમો અરજદાર ના નામે બિલ ટ્રાન્સફર કરી આપો તો સામાવાળા એ જણાવેલ કે ફાઈલ ઉપર મોકલી છે ટ્રાન્સફર થઇ જશે.આ બાદ અવારનવાર સામાવાળા ની કચેરીમાં રૂબરૂ તથા લેખિત મૌખિક રજૂઆતો કરવા છતાં પણ હજુ કામ થયું નથી ફાઈલ ગોટે ચડી ગઈ છે તેમ જણાવે છે અને ફરી કાગળો રજૂ કરો તો કામ થાય તેમ જણાવેલ છે અમો એ સામાવાળા ની માગણી મુજબ રૂ. ૫૦૦૦/- પાંચ હજારનું ખર્ચ કરીને સંમતિ પત્રો અને અન્ય વારસોને આવવા-જવાની ટિકીટ ભાળા નો ખર્ચ કરીને આ સાધનિક કાગળો તૈયાર કરાવેલ હતા. જે સામાવાળાની બેદરકારીના કારણે હજુ અમારૂ કામ થયું નથી તો અમારી અરજ છે કે અમારી મુળ ફાઈલ ને તુરત જ શોધી અમારું નામ ટ્રાન્સફર નું કામ કરી આપશો.

આ કામે જમીન અમારા નામે ટ્રાન્સફર થઈ ગઈ છે તો સામાન્ય વીજ કનેક્શન અમારા નામે ટ્રાન્સફર કરવામાં સામાવાળા ને અન્ય કોઇને વાંધો ન હોય તે દેખીતી હકીકત છે તો હવે સામાન્ય આ અરજીનું ડેકલેરેશન સમજી અમને કનેક્શન તુરત નામ ટ્રાન્સફર કરી આપશો તેમાં ભવિષ્ય માં વાંધો તકરાર નહિ આવે તેની અમો ખાતરી આપીએ છીએ.

ગ્રાહક નં. ૮૨૪૬૯/૦૧૧૭૯/૫ નું કનેક્શન ભીખુ વીરા કરમુર ના ખાતે નામે કરવાનું છે.

ગ્રાહક નં. ૮૨૪૬૯/૦૧૧૫૫/૮ નું કનેક્શન ભીખુ વીરા કરમુર ના ખાતે નામે કરવાનું છે.

આ બાબતે તમામ જવાબદારી અમારી છે તો આ ડિકલેરેશન ગણી અમોને અમારા નામે નામ ચેન્જ કરી આપશો.નામ ચેન્જ ની ભરેલ રકમ ની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ છે તથા સામાવાળાને કરેલ તારીખ ૧૩.૦૧.૨૦૨૦ ની નામ ટ્રાન્સફર ની અરજી ની કાર્યવાહી આગળ ચલાવવા કરેલ અરજી ની નકલ સામેલ છે.

વાસ્તે દાદ માંગવાની કે ઉકત હકીકત ધ્યાને લઇ અમારા નામે વીજ કનેક્શન સામાવાળા ચડાવી આપે તેની જાણ અમોને કરવામાં આવે તેવો ન્યાયના હિતમાં હુકમ ફરમાવશો.

કોરોના ની પરિસ્થિતિ હોય તેથી હાલની અરજી ઈ-મેલથી આપણે મોકલીએ છીએ તે ધ્યાને લઇ યોગ્ય નિરાકરણ હેતુ આગળ ચલાવશો.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ ઉપરોક્ત અરજદાર શ્રી ની અરજી મુજબ જણાવવાનું કે, શ્રી ભીખુ વીરા કરમુર અને પાલા વીરા કરમુર દ્વારા ભાટીયા પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ.નાવદ્રા ખાતે નામ બદલી આપવા બાબત માટે રજૂઆત કરેલ. સદર બાબતના અનુસંધાને પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારને નામ ટ્રાન્સફર કરી આપેલ છે

૨.૧ સદર બાબતના અનુસંધાને પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદાર ને નામ ટ્રાન્સફર કરી આપેલ છે. અને રજુઆતનું નિરાકરણ કરેલ છે. જે અંગેની તા.૧૫.૦૯.૨૦૨૦ ની સમાધન પુરશીસ આ સાથે સામેલ છે..

**:: હુકમ ::**

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૧ મુજબ પીજીવીસીએલ કંપની ની ભાટીયા પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ ભાટીયા પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૧૫.૦૯.૨૦૨૦ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષા એથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી બી.પી.બુચ
ચેરપર્સન